રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં. ૭૬૬૭/૧૯**

આંક–

ફરીયાદી : સરકાર શ્રી.

વિ રૂધ્ધ.

આરોપી : હીતેશ રબારી

ફરીયાદી તર્ફે વિ. વ . શ્રી એ . પી. પી. અને આરોપી તરફે વિ. વ . શ્રી.

**ગુનો : ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન/લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરુપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી, ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પૂછપરછ કરી આરોપી વિરુધ્ધ પૂરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક– થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીશ આંક– થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપી જણાવેલ છે કે અમો ગરીબ માણસ છીએ જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુકત કરવા અરજ ગુજારેલ છે.

૫. આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આ ખરી હું કમ:–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનામાં તકશીરવાન ઠરાવી આરોપીને સંયુકત રૂ.૧૦૦/– અંકે રૂપિયા સો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા.૧૩ મી જુલાઈ સને 2019 ના રોજ જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૭/૨૦૧૯.
મુકામ :અમદાવાદ

( જે. વી. પટેલ)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય)